# ખરાબ આદતો તોડવી :
# પ્રભુ ઈસુ દારૂ,ડ્રગ્સ અને દુર્વાસના ઉપર વિજય આપે છે.

બાળકોને શિખવનારે સ્ટડી વાંચવો.

**પ્રાર્થના** - વ્હાલા પ્રભુ પ્રભુ ઈસુમાં અમારા મહાન છુટકારો છે તે સમજવા અને અનુભવ કરવા અમારી સહાય કરો.

**૧. તમારા હ્રદય અને મન દેવના વચન વડે તૈયાર કરો .**

ભૂંડાઈના પરાક્રમથી છુટકારો આપતુ દેવનુ પરાક્રમ સમજવા માટે **માર્ક ૫:૧-૨૦**

- ભૂતો જેને પીડતા હતા તે માણસને ઈસુએ શું કર્યુ ?
- શેતાનથી મુકત કર્યા પછી તે માણસને ઈસુએ કયાં મોકલ્યો ?
- એફેસીઓના લોકોને પાઉલે શિખવ્યુ કે માણસો જે પાપો પોતાના જીવનમાં કરે છે તે પ્રત્યે પ્રભુ કઈ રીતે વ્યવહાર કરે છે.
- એફેસસના લોકો ઉપરનો પાઉલનો પત્ર કૃપા કરીને વાચો
- લોકો પોતાના જીવનમાંજે પાપો કરે છે તેમાથી છુટકારો મેળવવા માટે એફેસીઓને પત્રમાં જે પગથિયા બતાવવામાં આવ્યા છે તેનો અભ્યાસ કરો.

**૧ લૂ પગથિયું આપણો પવિત્ર દેવ આપણને આશિર્વાદ આપે માટે તેના પર વિશ્વાસ કરો.**

ખ્રિસ્તમાં આપણને દેવે નીચે મુજબના આશિષો અગાઉથી આપી દીધેલા છે **એફે ૧:૩ -૧૪ મુજબ**

- તેણે આપણને જગતના મંડાણ અગાઉ પસંદ કર્યા છે અને સર્વ આત્મિક આશીર્વાદથી આપણને આશીર્વાદિત કર્યા છે.
- તેણે આપણેને ડાધ વગરના પવિત્ર અને પાપોની માફી પામેલા બનવા માટે પસંદ કર્યા છે તે આપણને જ્ઞાન અને સમજણ આપે છે
- તેના પવિત્ર આત્માએ આપણને મુદ્રાંકિત કર્યા છે અને આપણે સ્વર્ગમાં તેની સાથે સદા રહીએ ત્યા સુધી પોતાના હાથમાં આપણને સંભાળી રાખે છે.
- આવી અદભુત પ્રતિજ્ઞાઓને માટે પ્રભુનો અંગીકાર કરીને તેનો આભાર માનવા માટે ટોળાને તૈયાર કરો.

**૨ જું પગથિયું દેવની હદ વગરની કૃપા જે આપણે ઈસુ પરના વિશ્વાસથી મેળવીએ છીએ તે માટે વિંનતી કરો.**

દેવની કૃપા મેળવવાનો અને પાપ અને તેની શિક્ષાથી છુટવાનો એકમાત્ર માર્ગ સમજવા માટે **એફે ૨: ૧-૧૦** વાંચો

- તારણ પામવા માટે આપણે શું કરવું જોઈએ ?(ક.૮)
- દેવની કૃપા અને ભલાઈ આપણે કોના દ્વારા પ્રાપ્ત કરી શકીએ ?

**પગથિયુ ૩ જું સહાય કરો કે એકબીજા આગળ વિશ્વાસીઓ પોતાના પાપ કબુલ કરે અને છોડી દે.**

**એફે ૩: ૧૦** અને **૫:૨૧** નો અભ્યાસ કરો તેમાં જણાવેલુ છે કે કેવા લોકો દ્વારા પ્રભુ વિશ્વાસીઓને દોરવણી અને ઉતેજન આપે છે.

- દેવ આખા ટોળાને એકબીજાની ઉન્નતિને અર્થે કેવી રીતે સજ્જ કરે છે તે એફે ૪:૧૧-૧૬ માંથી વાંચો.
- જેઓ દારૂ, નશાકારક સેવન કે જાતિય વિકૃતિના પાપમાં બંધાયેલા છે તેવાઓને પ્રભુના જીવનમાં પરત આવવા માટે ઉતેજન મળે માટે આત્મિક રીતે સહાય ની જરૂર છે.

- આવા પુખ્ત રખેવાળો પાપના બંધનમાં જકડાયેલાઓને તેમના જીવનમાં કરવા જોઈતા ફેરફારો કરવા માટે સંમત કરે છે.
- આવા ઘોર પાપમાં જકડાયેલાઅઓના કુટુંબે આ વ્યકિતના પાપનો પ્રેમથી અને મક્કમપણે સામનો કરવો જોઈએ કોઈ છટકવૃતિ ન રાખવી જોઈએ.
- આવા પાપના બંધનગ્રસ્ત વ્યક્તિઓના મિત્રોનો ઉપયોગ પ્રભુ તેમને પાછા લાવવા માટે કરી શકે છે તેમના જીવનમાં કરવા જોઈતા ફેરફારો તેઓ તેને કરાવી શકે છે અને શેતાન ફરીથી લલચાવવા આવે તો દેવના મહાન પરાક્રમની યાદ અપાવી શકે છે તેઓ યહોયાદા યાજક જેવી ભૂમિકા નિભાવી શકે જેણે બાળરાજા યોઆશને ૨ રાજા ૧૨:૨ અનુસાર દેવના માર્ગની સલાહ આપી.
- બુરી આદતોના બંધાણી માટે પાંચ જગ્યાએથી સહાયની જરૂર છે. ૧) એક ગ્રુપ કે જે તેને માટે ચોક્કસપણે પ્રાર્થના માટે તૈયાર હોય. ૨) એક પ્રેમાળ સલાહકાર ૩) પવિત્ર આત્માનુ બળ (પરાક્રમ) જેઓ દેવ પાસે માંગે છે તેમને તે મળે છે. ૪) ગલા. ૫:૧૩-૨૬ માં જણાવ્યા પ્રમાણે તેના પાપી સ્વભાવ અને તેના કામોને વધસ્તંભે જડવા માટે તેનો પોતાનો દ્રઢ નિર્ધાર જરૂરી છે. ૫) તેના પોતાના કુટુંબ તરફથી ઉતેજન અને તેના પાપ બાબતે વાજબી ચર્ચા જે પ્રમાણે ૧રાજા ૧ મુજબ દાઉદના લોકોએ ઉતેજન આપ્યું અને તેને મળ્યા.

**પગથિયુ -૪ ખરાબ આદતના મૂળ સુધી પહોચો અને તે પૂરેપૂરી નાબૂદ થાય ત્યાં સધી તેની પાછળ પડો**

એફે ૪:૨૨-૩૨ મા પાપ ઉપજાવતી વર્તણૂકો વિષે અને પાપને દૂર થી કરતી વર્તણૂકો વિષે આપેલુ છે યાકુ ૩:૧૩ થી ૪:૩ માં લોકોના જીવનની ઘણી જ મુશ્કેલ પરિસ્થિતિનું કારણ આપ્યુ છે.

વિશ્વાસીઓના જીવનમાં એવી વર્તણૂકની નિશાનીઓ (ખરાબ પાપો) દેખાય તે નિશાનિઓ કરતા તેમની નબળાઈઓના મૂળ રૂપી વર્તણૂક શોધવી અને તેને સુધારવા પર લક્ષ આપવુ ઉપર દેખાતી નિશાનીઓ કરતા મૂળ સુધી પહોંચો.

આપણી ઈચ્છાશકિતને દેવ શેતાનના કબજામાંથી મુકત કરે છે અને જે સાચુ છે તે પસંદ કરવાની શકિત તે આપણે આપે છે.

**પગથિયુ -૫ આપણી ખરાબ આદતો ઉપર હિંમતભેર અને નિર્ણાયક રીતે તૂટી પડયુ.**

આપણા જીવનાન પાપ સાથે એફે ૫:૩-૧૪ અનુસાર વ્યવહાર કરવો.

- આપણા પાપ કબૂલ કરતી વખતે ખ્રિસ્તના પ્રકાશ આગળ આપણી જે વર્તણૂકો અને પાપ આવે છે તે જૂઓ.
- યાકુબ ૫:૧૩-૧૬ જેઓ પાપ અગર માંદગીથી પીડાય છે તેમની સાથે વડીલો કઈ રીતે વ્યવહાર કરે છે તે જૂઓ.

**પગથિયુ -૬ શેતાન, તેના સૈન્યો અને ભરમાવનારા બળો સામે આક્રમક યુદ્ધો શરૂ કરો.**

એફે ૬: ૧૦ -૧૮ શેતાનાન પરિક્ષણો (લાલચો) સામે આપણને કેવી રીતે રક્ષણ મળે છે તે જૂઓ.

- દેવના દરેક હથિયારથી સજ્જ થવું તેનો અર્થ શો છે તે જૂઓ.
- ભૂંડાઈના હુમલાને મારી હઠાવવા માટે આપણે કેટલી હદે પ્રાર્થના કરવી.
- માર્ક ૯:૧૪-૨૯ માં સાજાપણા માટે પ્રાર્થનાનું પરાક્રમ.

**૨. અઠવાડિયા દરમ્યાનની પ્રવૃતિઓ માટે સાથીદારો સાથે પ્રાર્થના કરો.**

- પુખ્ત વિશ્વાસીઓને બંધનગ્રસ્ત લોકો ની સાથે આ છ પગથિયાનો ઉપયાગે કરી સમજાવવા માટે તાલિમ આપો.

- બંધનગ્રસ્ત લોકોને સમજાવો અને તેમની માટે પ્રાર્થના કરો. આ માટે તમારે નવું જૂથ પાડવું પડે.

૩ **સાથીદારો સાથે આગામી ભજનસેવા માટે આયોજન કરો.**

સ્થાનિક રસમો અને જરૂરિયાતો અનુસારની પ્રવૃતિઓ પસંદ કરો.

એફે ૩:૧૪-૨૧ માં પાઉલે એફેસસના લોકો માટે જે પ્રાર્થના કરી તે **પ્રાર્થના કરો.**

પાપની ગુલામીમાંથી (પકડમાંથી) છુટકારા માટેના ૬ પગથિયા ઉપર ભાગ -૧માંથી **સમજાવો.**

પ્રભુનો આત્મા આપણને બદલી નાખે છે માટે તેની **સ્તુતિ કરો.** પાપ ઉપર વિજય મેળવેલ વિશ્વાસીઓને સાક્ષી આપવાનું કહો.

ભૂતગ્રસ્ત માણસ છૂટકારો પામ્યો તે વાર્તા **કહો** અથવા ભજવી બતાવો. સહાયકરારીઓને તે કહેવા માટે તૈયાર કરો. સૌ પ્રથમ, વિશ્વાસીઓને સૂચવો કે તે માણસ માટે પ્રભુએ શું કર્યું તે ધ્યાનથી સાંભળે. પછી તેમને શું શીખવા મળ્યું તે પૂછો.


પાપની પકડમાંથી છૂટકારાનું નાટક ભજવો.

**શ્રી ભરમાયેલા** દારૂના ચકચુર બંધનમાં હોવાનો અભિનય કરે તે પેતાના હાથમાંથી ગંદકી ધોવાનો પ્રયત્ન કરે છે. આગલી રાતની નિર્બળતા બાબતે તે દુઃખ વ્યકત કરે છે.

**શ્રી સર્પ** તેની આગળ શેતાના જૂઠાણઓ પોકારે છે ''જેવા કે તું નકામો છે હવે તને દેવ બચાવી શકશે નહિ આ પરિક્ષણ પર તો તું વિજય પામી જ નહિ શકે તે ભૂડુ અટ્ટાહાસ્ય કરે છે.''

**શ્રી સલાહકાર** પાણીનો એક પ્યાલો લાવે છે અને શ્રી ભરમાયેલાને કહે છે પ્રભુ ઈસુ નુ લોહી તને શુદ્ધ કરશે.

**શ્રી ભરમાયેલા** પ્રભુ ઈસુ ને વિંનતી કરે છે કે તેના લોહી વડે તે તેને પાપથી અને દારૂથી શુઘ્ધ કરે તે પાણીમાં પોતાના હાથ ધોવે છે અને બોલે છે હવે હું શુંઘ્ધ છું''



બાળકોએ સભામાં સમક્ષ રજુ કરવા તૈયાર કરેલા ગીત,નાટક પ્રશ્નો તેમને રજુ કરવા દો.

અઠવાડીયા દરમ્યાન કરવા માટે નક્કી કરેલી પ્રવૃતિઓ ની સમજુતી આપો બૂરી આદતના બંધાણીને મદદરૂપ થાઓ.વિશ્વાસીઓ બે કે ત્રણ જૂથમાં પ્રાર્થના કરે આયોજનો કરે અને એકબીજાને ઉતેજન આપે.

પ્રભુની મેજની સેવા માટે યો ૬:૨૫-૩૫ વાંચો. ઈસુએ પાંચ હજારને જમાડ્યા પછી કેટલાંક લોકોએ ફરીથી જમાડવા માટે માંગણી કરી ત્યારે ઈસુએ સમજાવ્યું કે જે **અન્ન** અનંતજીવન સુધી ટકે છે તેની આશા રાખો. પ્રભુની મેજમાં આપણે ૧ કો. ૧૦:૧૬-૧૭ અનુસાર તેવી રોટલીના ભાગીદાર છીએ.

ગલાતી ૫:૨૪ બધા **મુખપાઠ કરો.**

Copyright © 2004 by Paul-Timothy. Download Paul-Timothy studies freely from www.Paul-Timothy.net.